'દેશીનામમાલા'નો અનુવાદ તથા અધ્યયન

હરિવલ્લભ ભાયાણી

હેમચંદ્રાચાર્યની 'દેશીનામમાલા' (કે 'રયણાવલી'—'રત્નાવલી') દેશ્ય શબ્દોનો કોશ છે, એ તેમણે મુખ્યત્વે પૂર્વવર્તી દેશીકોશોને આધારે તૈયાર કર્યો છે. આગળના કોશોમાં રહેલી અસ્પષ્ટતા, અશુદ્ધિ, વિસંગતિ વગેરે દૂર કરી વર્ણ અને અક્ષરસંખ્યાના ક્રમે શબ્દો ગોઠવી, ઉદાહરણો આપીને હેમચંદ્રે એક વ્યાપક, વ્યવસ્થિત અને પ્રમાણભૂત દેશીકોશ તૈયાર કરી આપ્યો છે. મૂળ પાઠ પ્રાકૃત ગાથાઓમાં છે, અને તેના પર હેમચંદ્રની પોતાની સંસ્કૃત વૃત્તિ છે, જેમાં સ્વરચિત પ્રાકૃત ઉદાહરણો મૂકેલાં છે. પ્રાકૃત શબ્દોના ત્રણ પ્રકાર પરંપરાગત વ્યાકરણોમાં જાણીતા છે: સંસ્કૃત શબ્દોથી અભિન્ન (તત્સમ), સંસ્કૃત શબ્દોમાંથી ઊતરી આવેલા (તદ્‌ભવ) અને સંસ્કૃત શબ્દો ઉપરથી સિદ્ધ ન થઈ શકતા (દેશ્ય). 'દેશ્ય' અથવા 'દેશી' એક પારિભાષિક સંજ્ઞા છે. (૧) જે શબ્દો પરંપરાથી પ્રાકૃત સાહિત્યમાં વપરાય છે, (૨) જે શબ્દનું વર્ણસ્વરૂપ લોપ, આગમ કે વિકારને આધારે સંસ્કૃત શબ્દના વર્ણસ્વરૂપ ઉપરથી નિષ્પન્ન થઈ શકતું નથી, અને (૩) વર્ણ-સ્વરૂપ નિષ્પન્ન થઈ શકતું હોય તો પણ જેનો અર્થ સંસ્કૃત શબ્દના અર્થથી ભિન્ન છે, એવા શબ્દો તે દેશ્ય શબ્દો. દેશ્ય શબ્દોને લોકપ્રચલિત પ્રાદેશિક બોલીના શબ્દો માનવા એ ભૂલ છે. એ સાહિત્યભાષાના અને સાહિત્યકૃતિમાં પરંપરાથી વપરાતા શબ્દો હતા.

ઘણું પ્રાકૃત સાહિત્ય લુપ્ત થયેલું હોઈ, હેમચંદ્રાચાર્યને પણ તેમાંથી થોડુંક જ પ્રાપ્ય અને જ્ઞાત હોઈ, દેશ્ય શબ્દોમાંથી કેટલાક વપરાશમાંથી લુપ્ત થયા હોઈ, તથા દેશ્યકોશોમાં જાતજાતની અશુદ્ધિઓ હોઈ, પ્રમાણભૂત સંદર્ભગ્રંથ તરીકે દેશ્ય શબ્દોનો કોશ બનાવવાનું કામ અત્યંત કપરું હતું, પણ હેમચંદ્રે તે ઘણી મોટી સૂઝબૂઝથી અને વૈજ્ઞાનિક, તટસ્થ દૃષ્ટિપદ્ધતિ રાખીને પાર પાડ્યું. દેશ્ય શબ્દોની જાણકારી માટે એ એકમાત્ર કોશ બચ્યો છે—ધનપાલનો કોશ પ્રાથમિક કક્ષાનો છે અને તદ્‌ભવોનો પણ સમાવેશ કરે છે, અને ત્રિવિક્રમે આપેલ દેશ્યસામગ્રી હેમચંદ્રના કોશમાંથી લીધેલી છે.

બ્યૂલરે ૧૮૭૪માં પ્રથમ વાર 'દેશીનામમાલા'ના મહત્ત્વ પ્રત્યે વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું. તેમની પ્રેરણા અને સહાયથી પિશેલે ૧૮૮૦માં 'દેશીનામમાલા' સંપાદિત કરી પ્રકાશિત કરી. તેની બીજી આવૃત્તિ ૧૯૩૮માં પરવસ્તુ રામાનુજસ્વામીએ પ્રકાશિત કરી. કલકત્તાથી મુરલીધર બેનરજીએ પણ એક આવૃત્તિ પ્રકાશિત કરી. સદ્‌ગત પં. બેચરદાસજીએ ૧૯૩૭માં સટીક 'દેશીનામમાલા'ના ૭ વર્ગોનો ગુજરાતી અનુવાદ ફાર્બસ ગુજરાતી સભા માટે તૈયાર કરી આપેલો. તે મૂળ સાથે ૧૯૪૦માં પ્રથમ ભાગ તરીકે પ્રકાશિત થયો. તે પછી ઠેઠ ૧૯૭૪માં સમગ્ર ગ્રંથ મૂળ, વૃત્તિ, તેમનો અનુવાદ, ગાથા-વાર શબ્દાર્થ સાથે દેશ્ય શબ્દો અને અન્ય વિવિધ કોશોને આધારે વિસ્તારથી આપેલી વ્યુત્પત્તિ-સૂચક નોંધો સાથે પંડિતજીએ પ્રકાશિત કર્યો.

પિશેલે અને રામાનુજસ્વામીએ 'દેશીનામમાલા'નો પાઠ નિશ્ચિત કરવા જે પ્રતો ઉપયોગમાં લીધેલી છે તે સોળમી શતાબ્દીથી વહેલી નથી. રામાનુજસ્વામીનો અભિપ્રાય એવો છે કે 'દેશીનામ-માલા'નો ગ્રંથપાઠ ઘણુંખરું તો શુદ્ધ રૂપે નિશ્ચિત થઈ ગયો છે. પંડિતજીએ બે વધુ હસ્તપ્રતોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ કર્યો છે, પણ થોડાક સ્થળો સિવાય તેમનો પાઠ પિશેલના પાઠથી જુદો નથી. પંડિતજીની આવૃત્તિનું મૂલ્ય તેના અનુવાદ અને નોંધોને લીધે છે. તેમણે મૂળની ગાથાઓ, તેમના પરની વૃત્તિ અને વૃત્તિમાંના ઉદાહરણોનો અનુવાદ આપ્યો છે. આ કામનું ઘણું મહત્ત્વ છે. ભૂમિકામાં તેમણે ઉત્સવો રમતગમત, રિવાજો વગેરેના વાચક શબ્દો પ્રત્યે ધ્યાન ખેંચીને 'દેશીનામમાલા'નું સાંસ્કૃતિક મહત્ત્વ પણ દર્શાવ્યું છે.

રામાનુજસ્વામીએ દેશ્ય શબ્દોના જે અંગ્રેજી અર્થ આપ્યા છે તેમાંના કેટલાક અચોક્કસ કે ભૂલ ભરેલા છે. મેં તેવા પોણા બસો જેટલા શબ્દોના અર્થ સુધાર્યા છે. પંડિતજીએ આમાંના લગભગ બધા અર્થો સાચા આપ્યા છે. બીજું, ઉદાહરણગાથાઓનો અર્થ બેસાડવો એ ભારે કડાકૂટનું કામ હતું. પિશેલે તો એ ગાથાઓની સખત ટીકા કરી છે. માત્ર વર્ણાનુક્રમ અને અક્ષરસંખ્યાને કારણે એક ગાથામાં સાથે આવતા શબ્દોને સાંકળી લઈને કોઈ સુસંગત, કાવ્યાત્મક અર્થવાળી રચના કરનારને એ અર્થ વચ્ચે મેળ બેસાડવા માટે ભારે તાણખેંચ કે દ્રાવિડી પ્રાણાયામ કરવો પડે. આવું હોવા છતાં, દેશ્ય શબ્દોના અર્થની ચોકસાઈ અને સ્પષ્ટતા માટે, તેમનો સંદર્ભ આપનાં હોવાને કારણે, આ ઉદાહરણોનું મોટું મૂલ્ય છે. પિશેલને તેમનો અર્થ બેસાડતાં ઘણી મુશ્કેલી પડી છે. પંડિતજીએ ઘણાંખરાં ઉદાહરણોનો અર્થ સંતોષકારક રીતે બેસાડી આપીને, દેશ્ય શબ્દોના અર્થનું સ્પષ્ટીકરણ કરતું મહત્ત્વનું સાધન આપણને સુલભ કરી આપ્યું છે. વળી તેથી હેમચંદ્રની અસાધારણ રચનાશક્તિનું પણ સમર્થન થાય છે. 'પતિ પ્રવાસે જઈ રહ્યો છે તેને માટે ભાતું બનાવવા કણક બાંધતી નાયિકાની આંખમાંથી આંજણવાળાં આંસુ કણકમાં સરી પડતાં ભાતાની વાની કાળાશ પડતી બની ગઈ' એ એક જ ઉદાહરણ, હેમચંદ્રે અહીં અપરિહાર્ય વિઘ્નોને અતિક્રમીને કવિતા પણ સાધી છે એ બતાવવા માટે પૂરતું છે.

પંડિતજીની આવૃત્તિનું બીજું ઉપયોગી અંગ તેમણે આપેલી વ્યુત્પત્તિનોંધો છે. અન્ય સંસ્કૃત કોશો, ઉણાદિસૂત્રની વૃત્તિ, વિકલ્પો વગેરેનો આધાર લઈને પંડિતજીએ ઘણા દેશ્ય શબ્દોની સંસ્કૃતને આધારે વ્યુત્પત્તિ આપવાનો પ્રયાસ કર્યો છે. જ્યાં એવો આધાર ન મળ્યો ત્યાં ધ્વનિ અને અર્થના સામ્યવાળા ગુજરાતી શબ્દો પણ તુલના માટે આપ્યા છે. અજ્ઞાત મૂળના સંસ્કૃત શબ્દોની પણ ધાતુપાઠ વગેરેનો આધાર લઈને અને આગમ, લોપ કે વિકારની પ્રક્રિયાને મદદમાં બોલાવીને વ્યુત્પત્તિ આપવાની આપણી પ્રાચીન પરંપરા છે. જોકે પંડિતજીએ પોતે જ નમ્ર ભાવે સ્પષ્ટ કહ્યું છે કે આ જાતની વ્યુત્પત્તિઓમાં ભાષાવિજ્ઞાનના નિયમોનો ભંગ થતો હોવાનો પૂરો સંભવ છે. આમ છતાં એટલું નવનીત તો આમાંથી નીકળે જ છે કે જુદાજુદા સમયે અનેક દેશ્ય શબ્દોને, જરૂરી વર્ણપરિવર્તન સાથે, સંસ્કૃત શબ્દોનો મોભો મળતો રહ્યો છે. હકીકતે તો, દ્રાવિડી, મુંડા તથા ઇરાની, અરબી વગેરે ભાષામાંથી અપનાવાયેલા કેટલાક શબ્દો દેશ્ય તરીકે રૂઢ બનેલા છે. રામાનુજ-સ્વામી, રત્ના શ્રીયાન વગેરેએ આ દિશામાં થોડુંક કાર્ય કર્યું છે.

ઉમરે આવું ઊંચી વિદ્વતા અને ભારે પરિશ્રમ માગતું કામ પાર પાડવા માટે પંડિતજી આપણા આદર અને અભિવાદનના ભાજન છે. એમનું આ વિષયનું કાર્ય આગળ ચલાવવાનો ભાર આપણા સૌ ઉપર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દેશીનામમાલા'ની ઉપયોગમાં ન લેવાઈ હોઈ તેવી એક પ્રાચીન પ્રત તો આપણી જાણમાં છે જ. તેવી અન્ય હસ્તપ્રત સામગ્રીની તપાસ કરીને શક્ય તેટલી પાઠશુદ્ધિ કરવી ઘટે.

બીજું, દેશીનામમાલા ઉપર કામ કરવાના મારા થોડાક અનુભવ પરથી મને એ પ્રતીત થયું છે કે અનેક શબ્દોના ધ્વનિસ્વરૂપ અને અર્થને ચોક્કસ કે સ્પષ્ટ કરવા માટે અર્વાચીન ભારતીય-આર્ય ભાષાઓ — ગુજરાતી, રાજસ્થાની, હિન્દી, સિન્ધી, પંજાબી, મરાઠી, કુમાઉની, નેપાલી વગેરે – પાસેથી પણ સારી એવી મદદ મળે તેમ છે. આ દિશામાં કાર્ય કરવા માટે ઘણો અવકાશ છે.

ત્રીજું, શબ્દો અને અર્થોની બાબતમાં 'દેશીનામમાલા'માં ઠીક ઠીક પુનરાવર્તન મળે છે. સહેજ-સાજ ભિન્નતા મળતી હોય તેવા શબ્દો અને અર્થો – ખરેખર તો તે અભિન્ન હોય – હેમચન્દ્રે, પોતાના મૂળ સ્રોતોમાં મતભેદ હોય ત્યારે અને નિર્ણય કરવાનું કઠણ લાગ્યું ત્યારે તે અલગ અલગ હોય તેમ નોંધ્યા છે. આની કેટલીક સાફસૂફી મેં મારા Studies in Hemacandra's Deśīnāmamālā'માં કરી છે. પણ એ તો એક શરૂઆત છે. કામ ઘણું મોટું છે અને ઠીક ઠીક પરિશ્રમ માગી લે તેવું છે. લગભગ ચાર હજાર જેટલા શબ્દો અને તેથી બમણા અર્થોની ખણખોદ કરવાની છે. પરંતુ ભારતીય – આર્યના શબ્દભંડોળના ઇતિહાસની દૃષ્ટિએ તથા સાહિત્ય-ભાષા લેખે પ્રાકૃતના ઘડતરની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે.

આ ઉપરાંત એક મહત્ત્વનું કાર્ય તે પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્યમાંથી વસ્તુતઃ વપરાયેલા દેશ્ય શબ્દોને તારવીને 'દેશનામમાલા'ની સામગ્રીની શુદ્ધિવૃદ્ધિ કે સમર્થન કે પ્રમાણીકરણ કરવું. આ દિશામાં પણ આરંભ થયો છે. 'પાઈઅસદ્દમહણ્ણવો'માંથી થોડીક સમર્થક સામગ્રી પ્રાપ્ત થાય છે. પંડિત અમૃતલાલ ભોજકે પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીના થોડાક ગ્રંથોમાં પરિશિષ્ટરૂપે કેટલાક દેશ્ય શબ્દો તારવીને મૂક્યા છે. રત્ના શ્રીયાને પુષ્પદંતની અપભ્રંશ કૃતિઓમાંથી અને મેં સ્વયંભૂના 'પઉમચરિય'માંથી દેશ્ય શબ્દો તારવીને હેમચંદ્રના દેશ્ય શબ્દો સાથે તુલના કરી છે. પણ ચિકિત્સક દૃષ્ટિએ આ દિશામાં 'વસુદેવહિંડી' 'કુવલયમાલા' વગેરે જેવી અનેકાનેક કૃતિઓનું અધ્યયન થવું બાકી છે. ગુજરાતી વગેરે અર્વાચીન ભાષાઓમાં આ દેશ્ય શબ્દોનો કેટલો અંશ ઊતરી આવ્યો છે એ પણ તપાસનો સ્વતંત્ર વિષય છે.

પંડિતજીની અખંડ દીપ જેવી વિદ્યાપ્રીતિ અને કાર્યનિષ્ઠામાંથી પ્રેરણા મેળવીને આપણે તેમણે કરેલાં કામો આગળ ચલાવીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org